# મુલાકાત પદ્ધતિ

## પ્રાસ્તાવિક

સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં પ્રશ્નાવલિ પદ્ધતિની જેમ વ્યક્તિના લક્ષણો, વ્યક્તિનાં મનોવલણો અને પૂર્વગ્રહો, સામાજિક સમસ્યાઓ વગેરેનો અભ્યાસ કરવા માટે મુલાકાત પદ્ધતિનો ઉપયોગ થાય છે. સામાજિક સર્વેક્ષણોમાં પણ મુલાકાત પદ્ધતિનો ઉપયોગ થાય છે. ખાસ કરીને શિક્ષણ સંસ્થાઓ, ઉદ્યોગો, સલાહકેન્દ્રો, ચિકિત્સાલયો વગેરે સ્થાનોએ જુદા જુદા હેતુ માટે મુલાકાત પદ્ધતિ વ્યાપકપણે પ્રયોજાય છે.

## મુલાકાતનો અર્થ અને સ્વરૂપ

મેકોલી અને મેકોલી મુલાકાતને "મોઢામોઢની શાબ્દિક આપલે" (વાતચીત) તરીકે ઓળખાવે છે; જેમાં મુલાકત લેનાર વ્યક્તિ એક કે તેથી વધુ વ્યક્તિઓ પાસેથી તેમની માન્યતાઓ કે અભિપ્રાયો અંગે માહિતી મેળવવા પ્રયાસ કરે છે. મુલાકાત એ પ્રત્યક્ષ વાતચીત દ્વારા માહિતી પ્રાપ્ત કરવાની પદ્ધતિ છે.

## મુલાકાતનું સ્વરૂપ

મુલાકાતમાં મુલાકાત લેનાર વ્યક્તિઓ સમક્ષ મુલાકાતી બેસે છે અને તેને પ્રશ્નો પુછે છે. મુલાકાત લેનાર વ્યક્તિ મુલાકાતી પાસેથી પ્રશ્નોના ઉત્તરો મેળવીને તેની નોંધ કરે છે; સાથે સાથે મુલાકાતીની અંગચેષ્ટાઓની નોંધ કરે છે.

ત્યાર પછી આ નોંધને આધારે તારણો તારવવામાં આવે છે. મુલાકાત પદ્ધતિમાં **નિષ્ણાત અને તાલીમ પામેલા મુલાકાત લેનારાઓની જરૂર** છે. મુલાકાત પદ્ધતિની **સફળતા** મુલાકાત લેનાર વ્યક્તિ અને મુલાકાતીના **સાયુજ્ય સંબંધ** પર રહેલી છે.

**મુલાકાતના પ્રકારો** :

મુલાકાત લેવાની પદ્ધતિને આધારે મુલાકાતના બે પ્રકારો પાડવામાં આવે છે :

**(1) પ્રમાણિત મુલાકાત :** પ્રમાણિત મુલાકાતમાં મુલાકાત દરમિયાન હેતુ પ્રમાણે પુછવાના પ્રશ્નો અગાઉથી નક્કી કરેલા હોય છે. મુલાકાત લેવાની રીત નિશ્ચિત હોય છે તેમજ પહેલેથી તૈયાર કરેલા ઉત્તપત્રકમાં જ પ્રશ્નોના ઉત્તરોની નોંધ કરવાની હોય છે. પ્રમાણિત મુલાકાતને ઔપચારિક મુલાકાત પણ કહે છે. આ મુલાકાતમાં મુલાકાત લેનાર વ્યક્તિનું સ્વાતંત્ર્ય ખૂબ જ ઓછું હોય છે. વ્યાપક સામાજિક સંશોધનોમાં અને મતમોજણીમાં પ્રમાણિત મુલાકાતનો સવિશેષ ઉપયોગ થાય છે.

**(2) અપ્રમાણિત મુલાકાત** : અપ્રમાણિત મુલાકાતમાં મુલાકાત દરમિયાન પૂછવાના પ્રશ્નો અને મુલાકાતની રીત પહેલેથી પ્રમાણિત કરેલી હોતી નથી. મુલાકાન લેનાર હેતુને ધ્યાનમાં રાખીને મુલાકાતી પાસેથી માહિતી

મેળવવા માટે પોતાને યોગ્ય લાગે તેવા પ્રશ્નો પછે છે અને પોતાને યોગ્ય લાગે એ રીતે ઉત્તરોની નોંધ કરે છે. અપ્રમાણિત મુલાકાતને અનૌપચારિક મુલાકાત પણ કહે છે. આ મુલાકાતમાં મુલાકાત લેનાર વ્યક્તિ વધુ પ્રમાણમાં સ્વાતંત્ર્ય ધરાવે છે. સલાહકેન્દ્રોમાં, ચિકિત્સાલયોમાં અને માનસિક સ્વાસ્થ્યનાં કેન્દ્રોમાં અપ્રમાણિત મુલાકાતનો સવિશેષ ઉપયોગ થાય છે.

સામાજિક સમસ્યાઓનાં કારણો જાણવા માટે આ પ્રકારની મુલાકાતનો ઉપયોગ થાય છે. સંશોધન દરમિયાન સમસ્યાના સ્વરૂપને ધ્યાનમાં રાખીને આ બંનેમાંથી કઈ મુલાકાત પદ્ધતિનો ઉપયોગ કરવો તે નક્કી કરાય છે.

**મુલાકાતની શરતો**

સંશોધનોએ દર્શાવ્યું છે કે મુલાકાતની સફળતા નીચેની બાબતો પર આધાર રાખે છે.

(1) મુલાકાત લેનારમાં વાત કરવાની ચાતુરી હોવી જોઈએ.
(2) મુલાકાત કેવી રીતે લેવી તે અંગેની તાલીમ મુલાકાત લેનારે પ્રાપ્ત કરેલી હોવી જોઈએ.
(3) મુલાકાત લેનારે 'પોતે નિષ્ણાત છે' એવો પ્રભાવ ન પડે તેની ખાસ સાવચેતી રાખવી જોઈએ.
(4) મુલાકાત લેનારે મુલાકાતી જે કાંઈ જવાબ આપે તેમાં પોતે ખરેખર અભિરુચિ ધરાવે છે તેવો દેખાવ કરવો જોઈએ.
(5) મુલાકાત લેનારે મુલાકાત દરમિયાન પોતાના વિચારો, મનોવલણો, સ્વીકૃતિ તેમજ અસ્વીકૃતિ જણાવવી જોઈએ નહિ.

## મુલાકાતના ફાયદાઓ અને મર્યાદાઓ

**ફાયદાઓ** : મુલાકાત પદ્ધતિના ફાયદાઓ નીચે પ્રમાણે છે:

(1) મુલાકાત પદ્ધતિમાં મુલાકાત લેનાર અધિકારી મુલાકાતી સાથે સાયુજ્યનો સંબંધ સ્થાપિત કરે છે. તેથી તે મુલાકાતી પાસેથી તેના અંગત વિચારો, લાગણીઓ, સ્વભાવ અને વ્યક્તિત્વનાં લક્ષણો અંગે માહિતી પ્રાપ્ત કરી શકે છે.

(2) મુલાકાતમાં મુલાકાત લેનાર વધારે ઝીણવટભરી અને ઊંડાણપૂર્વકની માહિતી પ્રાપ્ત કરી શકે છે.

(3) મુલાકાતમાં મુલાકાત લેનાર પ્રશ્નોના ઉત્તરોની યથાર્થતા ચકાસી શકે છે.

(4) સામાજિક સમસ્યાઓનાં કારણો જાણવા માટે મુલાકાત પતિ વધુ ઉપયોગી છે.

**મર્યાદાઓ** : મુલાકાત પદ્ધતિની મર્યાદાઓ નીચે પ્રમાણે છે :

(1) મુલાકાત પતિ એ વ્યક્તિગત પદ્ધતિ છે. તેથી પ્રશ્નાવલિ પદ્ધતિની સરખામણીમાં મુલાકાત પતિ સમય, શક્તિ અને નાણાંની દૃષ્ટિએ વધુ ખર્ચાળ પતિત છે.

(2) મુલાકાત દરમિયાન મુલાકાત લેનાર વ્યક્તિના અંગત વિચારો, માન્યતાઓ અને પૂર્વગ્રહોની અસર મુલાકાતની માહિતી પર પડે છે. તેથી મુલાકાતની માહિતી કેટલીકવાર વ્યક્તિલક્ષી બની જવાનો સંભવ છે.

**પ્રશ્નાવલિ અને મુલાકાતની તુલના**

પ્રશ્નાવલિ પતિ અને મુલાકાત પતિ એ બંને વૈજ્ઞાનિક પદ્ધતિઓ છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનના ક્ષેત્રે અન્ય વ્યક્તિઓના અભિપ્રાયો, માન્યતાઓ, મનોવલતો, પૂર્વગ્રહો વગેરે જાણવા માટે તેમજ સામાજિક સમસ્યાઓના અભ્યાસ બંને પદ્ધતિઓની તુલના નીચે પ્રમાણે કરી શકાય

(I) પ્રશ્નાવલિ એ લેખિત પદ્ધતિ છે; જ્યારે મુલાકાત એ મૌખિક પદ્ધતિ છે.

(2) પ્રશ્નાવલિ એ જૂથ પદ્ધતિ છે; જ્યારે મુલાકાત એ વ્યક્તિગત પદ્ધતિ છે.

(3) પ્રશ્નાવલિ એ કરકસરયુક્ત પદ્ધતિ છે, જ્યારે મુલાકાત એ ખર્ચાળ પતિ છે.